श्री नाथजीना महिना विगेरे.

રચનાર,

કવિ. પ્રભાશંકર શામળજી.

પરમ વૈશ્નવ પ્રેમથી, વાંચો આણી પ્રીત;
પાઠ કરે પોતે સદા, ચારુ રાખી ચીત.

અમદાવાદ

યુનિયન પ્રિં. પ્રેસ કંપની લિમિટેડ.

સને ૧૮૯૬. સંવત ૧૯૫૨.

કિંમત ૧ આનો.

અરપણપત્રીકા.

ધર્મ ગુરૂ શ્રી ગોવરધનલાલજીની કૃપાથી શ્રીજીમહારાજના તેર માસ રચી તેમનેજ અર્પણ કરૂંછું તે માન્ય રાખશો આ-પના દરશણનો લાભ ૧૯૫૨ના ફાગણ સુદી ૧૫ મે થયો છે ને ત્યાંજ શ્રીકૃશ્નભંડારમાં બેસીને કવિતા રચી છે ત્યાંથી ગુરૂજી શ્રીગટુલાલજીની કૃપાથી મને પ્રસાદ વીગરે મળ્યુ છે તો તેમનો આભાર માની નમસ્કાર તથા જેશ્રીકૃશ્ન લ-ખુછુ વળી મુબાઈ મળવા ઇચ્છુ છું વળી કૃશ્નકૃપાથી પ્રશ્ન પુછવા છે મારા સકળ મનોરથ પુરણ કરશો.

દાસોરમી પ્રભાશંકર સામળજી.

શ્રીનાથજીના મહીના

કારતક માસે કરૂણા મુજપર કરીએરે શ્રીજીબાવા
એક ચીતથી ધ્યાન નાથનું ધરીએરે શ્રીજીબાવા
નાથ તમારો લાગ્યો છે મને નેડોરે શ્રીજીબાવા
દરશન કરવા દયા કરીને તેડોરે શ્રીજી
નાથ તમારો ઝાલ્યો મે તો છેડોરે શ્રીજી
ભક્તીનો અમૃત રસ મુખમાં રેડોરે શ્રીજી
કૃપા તમારી હોય તો કવિતા કરીએરે શ્રીજી
એક ચીતથી ધ્યાન નાથનું ધરીએરે શ્રીજી
મુજ અંતરમાં આપ બીરાજી બોલોરે શ્રીજી
જ્ઞાન ચક્ષુએ રસીક રસના બોલોરે શ્રીજી
નાથ તમારૂં નામ નિરંતર વસીયુંરે શ્રીજી
તમ પ્રતાપે ક્ષણુમાત્ર ના ખસીયુંરે શ્રીજી
દાસ પ્રભાના નાથ હાથ મારો ઝાલોરે શ્રીજી
પ્રેમરસ ભક્તી ગાવા મને આલોરે શ્રીજી
માગશર મહીને મોહન મળવા મંનરે શ્રીજી
બ્રહ્મ સબંધે અરપણ કીધુ તંનરે શ્રીજી
ગુજર મુકી મેવાડે મને ગમસેરે શ્રીજી
કામ ક્રોધને લોભ મને નહી દમસેરે શ્રીજી
દયા કરીને દરસન મુજને આપોરે શ્રીજી
કોટી જનમનાં પાતીક માહારાં કાપોરે શ્રીજી

મુખ મનોહર જોતાં આનંદ પામુરે શ્રીજી
તાપ ત્રીવેધી તેની વેદના વાંમુરે શ્રીજી
સુખ સાગરમાં આનંદ લેહેરી ઉડેરે શ્રીજી
પ્રેમ નેમથી મન મારૂ ત્યાં બુડેરે શ્રીજી
શ્રી ગોવરધનધારી કુંજબીહારીરે શ્રીજી
નટવર છબી અતી નાથ તમારી ન્યારીરે શ્રીજી
નખસીખ સોભા નાથ નીરખવા માગુરે શ્રીજી
દાસ પ્રભોકે મોહ નિદ્રાથી જાગુરે શ્રીજી
પોસ માસે પ્રેમ લક્ષણા આપોરે શ્રીજી
દાસ તણો વળી દાસ કરીને થાપોરે શ્રીજી
નેણાં મારાં તમ મુખ ચંદ્ર ચકોરીરે શ્રીજી
નેહ ભરીને નાથ કહુ બલીહારીરે શ્રીજી
ચરણ તમારા શરણ પામવા સેવુરે શ્રીજી
મન મારૂ તો થાય ભક્તના જેવુરે શ્રીજી
સેવાનુ સુખ તનમન ધનથી માગુરે શ્રીજી
મોહ નીંદ્રામાં તમ કૃપાથી જાગુરે શ્રીજી
શેષ રટેછે સહસ્ત્રફણ એ મુખથીરે શ્રીજી
રસના એકે આનંદ પામુ સુખથીરે શ્રીજી
બ્રહ્મ સબંધે બ્રહ્મ લોકને પાંમેરે શ્રીજી
જનમ મરણની વ્યાધી સઘળી વાંમેરે શ્રીજી
દાસ પ્રભાની વાણી જાણી લેજયોરે શ્રીજી
આપ રૂપમાં મુજને તાંણી લેજોરે શ્રીજી
માહા મહીનામાં આંબુ કેસુર ફુલેરે શ્રીજી

કમળ ચોકમાં હાથી ઢલમલ ઝુલેરે — શ્રીજી
સુરજ પોળે સનમુખ સુરજ ઉગેરે — શ્રીજી
મરાળ તે મુરજાદી મુગતા ચુગેરે — શ્રીજી
રતન ચોકમાં રંગની રેલી રેલેરે — શ્રીજી
વસંત રૂતુમાં ખેલ અનુપમ ખેલેરે — શ્રીજી
જગમોહનમાં જય જય જય બોલેરે — શ્રીજી
સમા સમાનાં દરસન નીસદીન ખોલેરે — શ્રીજી
ફુલાગરને કીરતનની આ ગલીછે સારીરે — શ્રીજી
સમાધાંનની સુંદીર રચના ન્યારીરે — શ્રીજી
નીજ મંદીરમાં નાથ દીસે રૂપાળારે — શ્રીજી
સેવા કરવા આવે મોતીઆં વાળ રે — શ્રીજી
દાસ પ્રભાના નાથ છો નટવર વેશેરે — શ્રીજી
વલભકુળ સેવા કરે છુટે કેશેરે. — શ્રીજી
ફાગણમાં સહુ ફુલી વૃક્ષને વેલીરે — શ્રીજી
કેસરની ઉડેછે રંગની રેલીરે — શ્રીજી
પીચકારી તે પ્રેમી જનને મારેરે — શ્રીજી
અબીલ ગુલાલે ભરીઆં લોચન તારેરે — શ્રીજી
ફુલ ડોળેતો ફુલ હીંડોળેરે હીંચેરે. — શ્રીજી
વલભ સુત તોરે સમ દોરી ખીંચેરે — શ્રીજી
દરસન કરતાં ભીડતણી છે ગરદીરે — શ્રીજી
તે ભીડમાં વૈષ્ણવ છે દીલતા દરદીરે — શ્રીજી
ઝાપટ ઝીલે પ્રેમીજન તે પુરારે — શ્રીજી
દરસન કરવા જાય નહી અધુરારે — શ્રીજી

અષ્ટ સખાની વાણી ઉરમાં ધરીએરે શ્રીજી
સાચા જે સેવકનાં કારજ સરીએરે શ્રીજી
દાસ પ્રભે તે ગુણુ તમારા ગાઅરે શ્રીજી
બનારસને ગોવીદ કુંડે નાઅરે શ્રીજી
ચઇતિર માસે મારૂ ચીત ના ચારરે શ્રીજી
કોઅલ કીરને મધુરા બોલે મોરરે શ્રીજી
ફરફર ફરફર ફુવારા બહુ ફરકેરે શ્રીજી
મોતી સરખા બિંદુચારૂ ચળકેરે શ્રીજી
જુઇ જાવને ગુલાબ ફુલની ઘેરીરે શ્રીજી
ચંદનના વાગા ચતુરાઈએ પેરીરે શ્રીજી
મલિઆગરની સુગંધી બહુ બેહેકેરે શ્રીજી
મોતી તોરણુ ફુમતડાં સહુ લેહેકેરે શ્રીજી
ચંદરવે ચંદરમા ચીતર ચારૂરે શ્રીજી
નાથ નીરખતાં મન મોહ્યું છે મારૂરે શ્રીજી
પંખા ઉડે પુરસોતમને ફુલનારે શ્રીજી
રેસમ રંગી રાતી અતલસ જુલનારે શ્રીજી
દરસન કરવાં સનમુખ હુતો આવુરે શ્રીજી
નાથ તમારા દીલમાં તેથી ભાવુંરે શ્રીજી
વૈશાખે તો વીયોગ વેદના ટાળોરે શ્રીજી
ભાવ જોઇને ભુધર મુજપર ભાળોરે શ્રીજી
આપ તાપ નિવારો મારા તનનારે શ્રીજી
મનસુખા સહુ જાણો મારા મનનારે શ્રીજી
વારે વારે નમી નાથને નીરખુરે શ્રીજી

દરસન કરતાં દાડી દીલમાં હરખું'રે શ્રીજી
મોર મુગટને પીતાંબર છે પટકારે શ્રીજી
લાલ તમારા સુંદીર લાગે લટકારે શ્રીજી
મકરાકૃતકુંડ મન મોહીત છાજેરે શ્રીજી
મુખ મધુરી અધરે મોરલી બાજેરે શ્રીજી
ફુલના જામા અંગ ધરા અલબેલારે શ્રીજી
સામ ધરાવ્યા સુદીર અંગે સેલારે શ્રીજી
કટીકસી કંદોરે ઘુઘરી ઘમકેરે શ્રીજી
ચારૂ ચરણે નેપુર નેજા ચળકેરે શ્રીજી
જેઠ માસે ઝાંઝરનો ઝમકારરે શ્રીજી
મોજડીએ છે મુગતા ફળની હારરે શ્રીજી
કંઠે કેવી ગુંજ્ય સોભે માળરે શ્રીજી
ગજ મોતીના હાર અતી વીશાળરે શ્રીજી
નાથની નાકે નઉતમ મોતી લટકેરે શ્રીજી
હબચીએ તો અમુલખ હીરો ચળકેરે શ્રીજી
કસ્તુરી કેસરનુ તીલક છાજેરે શ્રીજી
કોટીક કંડપ છબી જોઇને લાજેરે શ્રીજી
જમણો કરકડીએ દરસનને દાર્યોરે શ્રીજી
ડાબે કર ગોવરધન તોળી રાખ્યોરે શ્રીજી
નીલ મણીના હાર નાથને જોઇએ શ્રીજી
સ્ફાટીક મણીનુ સીંહાસન તે સોહએરે શ્રીજી
પારસ મણીને પરભાસંકર પરસેરે શ્રીજી
ચીતાંમણી શ્રીનાથ મુજને દરસેરે. શ્રીજી

અમાડે તો આનંદકારી વરસેરે શ્રીજી
ચમક દાંમણી દીનકર જેવા દરસેરે શ્રીજી
ધંનધટાથી મોર મનોહર બોલેરે શ્રીજી
હેલીમાં હીદોળે દરશન ખોલેરે શ્રીજી
ફુલ હીદોળે રેસમ દોરી ખીચેરે શ્રીજી
નટવર નાગર તે હીદોળે હીચેરે શ્રીજી
હીમતણે હીદોળે મેનાં ભરીઓરે શ્રીજી
ફુલ પાઘ પચરંગી મસ્તક ધરીઓરે શ્રીજી
લટકે પટલે લેહેરી સેરી ઘેરીરે શ્રીજી
અટપટ લટપટ ચટપટ ચાલ ચલે અનેરીરે શ્રીજી
સુખ સજામાં ફુલભરાં ભરપૂરરે શ્રીજી
પુરસોતમ પોડે ત્યાં આનંદ ઉરરે શ્રીજી
દાસ પ્રભાતે હરખે નીરખે ઠાડીરે શ્રીજી
સેવકને સુખ આપો દાડી દાહાડીરે શ્રીજી
સાવણુ સોભા સું કહુ માહારા મુખથીરે શ્રીજી
હદવાળી છે આપદરના સુખથીરે શ્રીજી
ભગવત આગળ ભાગવત ગીતા ગાએરે શ્રીજી
નરનારી સહુ પ્રેમે પ્રફુલીત થાએરે શ્રીજી
આઠ આરતીએ ઝાંખી વૈષ્ણવ કરતારે શ્રીજી
ગટુલાલ દીઠા પરકંમા ફરતારે શ્રીજી
જનમ અશ્ટમી ઓછવ ઉતમ કહીએરે શ્રીજી
દધી કીચનોલાલ સુંદર લહીએરે શ્રીજી
પ્રભુ પ્રસાદી વૈષ્ણવજન સહુ માગેરે શ્રીજી

વ્યાધી વેદના જનમ મરણુની વામેરે શ્રીજી
ચરણાંમ્રતથી અકાળ મૃત્યુ ઉડેરે શ્રીજી
દરસન હીન તે ભવસાગરમાં બુડેરે શ્રીજી
સત સંગતને હરી દરસન મને આપોરે શ્રીજી
પ્રભાદાસ પોતાનો કરીને થાપોરે શ્રીજી
ભાદરવે જો ભરપૂર ભક્તી કરીએરે શ્રીજી
ભવસાગર તો હરી સેવાથી તરીએરે શ્રીજી
નામ નાથનુ નીરંતર નહી ભુલેરે શ્રીજી
મન મારૂ રાખો નહી રસીઆ લુલુરે શ્રીજી
ક્રપાળીના તો કાંઈ નમુજ તે સુજેરે શ્રીજી
ક્રપા હોઅતો (બાવન અક્ષર બુજેરે. શ્રીજી
સેવા સમરણુ આનંદ બહુ આપોરે શ્રીજી
ક્રપણુતાનુ મુળકાએથી કાપોરે શ્રીજી
દોસ ઘણાછે કોશ ભરીને દાખુરે શ્રીજી
નામ તમારૂ મારે રૂદીએ રાખુરે શ્રીજી
સાધન વણુતો તમ સરણેથી તરસેરે શ્રીજી
ગુરૂ વીના તો મરસેને અવતરસેરે શ્રીજી
શ્રોતા જન સઉ સીક્ષા માની લેજોરે શ્રીજી
દાસ પ્રભાને જે શ્રીક્રષ્ણ કેહેજોરે શ્રીજી
આસો માસે સરદ પુનમનો ચંદ્રરે શ્રીજી
રાસ રમ્યા તે ચકીત થયોછે ઈંદ્રરે શ્રીજી
મોહમોહનો મોહી છે વ્રજ નારીરે શ્રીજી
મોરલીએ મધુકર મોહા બલીહારીરે શ્રીજી

સીવ બ્રમાદીક સારદ નારદ હારદરે શ્રીજી
સમજ્યા નહીતે સેસ સનંદન કારદરે શ્રીજી
પ્રેમરસ તે પ્રેમીજનને પાઓરે શ્રીજી
પરમભક્તોએ પ્રેમ લક્ષણા ગાઓરે શ્રીજી
વૈષ્ણુવજન મમોક્ષુ તે તો સમજેરે શ્રીજી
પુરવ પુન્યથી નાથ તમોને એ ભજેરે શ્રીજી
દાન લેઇને દાન આપીએ દાહાડીરે શ્રીજી
કુસંગતનો કાંટા નાંખો કાહાડીરે શ્રીજી
દાસ પ્રભાતે કરજોડીને કેહે છેરે શ્રીજી
બ્રહ્મ કુળને રાજ નગરમાં રેહે છેરે શ્રીજી
પુરસોતમ તે અધીક પુન્યનો કહીએ રે. શ્રીજી
તેનો મહીમા સંક્ષેપેથી લહીએ રે. શ્રીજી
સુર ઊગતાં નાહાતાં પાવન થઇએ રે. શ્રીજી
અસ્ટદાન તે ગુરૂ ગોરને દેઇએ રે. શ્રીજી
હીમ કુંભને ગંગા જળથી ભરીએ રે. શ્રીજી
યથા શક્તીએં ગોપ્રદાન તો કરીએ રે. શ્રીજી
ભુમીનુ તો દાન કરે જો દાતા રે. શ્રીજી
છત્રપતી તે થાય કહે વીધાતા રે. શ્રીજી
પીંડ દાનથી પુરવજ આપે પુત્ર રે. શ્રીજી
સુધરે તેનું સંસારી ઘર સુત્ર રે. શ્રીજી
દીપદાનથી તેજ વધે છે તપનુ રે. શ્રીજી
માહા પુન્ય છે પુરસોતમના જપનુ રે. શ્રીજી

નારીના હતાં વીધવા પણ નવ પામે રે. શ્રીજી
બાળક નાહાતાં વીદ્યાને જસ જામે રે. શ્રીજી
સીઅળ વ્રતથી સુખ સ્વરગનુ મળસે રે. શ્રીજી
વસ્ત્ર દાનથી વીધી લોકમાં ભળસે રે. શ્રીજી
જળદાને તો જઠરાએ ફરીનાવે રે. શ્રીજી
અંન આપતાં ચક્રવૃતી પદપાવે રે. શ્રીજી
તુળસીદાંને ત્રીભોવન દરસન ન થાસે રે. શ્રીજી
જનમ ધરીને ગોવીદના ગુણ ગાસે રે. શ્રીજી
દાન થકી તો માંન મળે મહીતળમાં રે. શ્રીજી
પ્રેમ થકી તો પ્રભુ મળે એક પળમાં રે. શ્રીજી
વીપ્ર જમાડે રોગ રહે નહી અંગે રે. શ્રીજી
નાથ તમારૂ નામ જપે ઊમંગે રે. શ્રીજી
ગજરથ ઘોડા આપે આયુસ વધસે રે. શ્રીજી
પુન્ય વીના તો કાંથી કારજ સરસે રે. શ્રીજી
પુન્ય કરે તે સકળ પદાર્થ પાંમે રે. શ્રીજી
પરભાસકર તરસે પ્રભુને નાંમે રે. શ્રીજી

આવી છે જાંણુને માડવેરે જાદવ કુળની જાન એ રાગ

જગતમાં જનમીને શુ કરૂરે ભરતખંડની માંહ.
અમર ઇચ્છે અવતારને રે. સ્વર્ગ લોકના જ્યાંહ.
મુનશા દેહી મળી તુજને રે તેમાં ઊતમ વર્ણ.
આચારને નવ પાળીઓ રે. કથા સુણી ન કર્ણ

ભ્રષ્ટ થઇને ભોગવી રે પરનારીના ભોગ.
તેથી વધ્યુ તન તાહરૂ રે. દેહે વ્યાપીઓ રોગ.
છાની છળાવીને છેતરી રે હાંખી દેહથી દભ.
તેથી તુજને બઝાડસે રે. જમ લોઢાને થંભ.
ગોત્ર ગમન ગાઢ બહુ કરા રે. કંન્યા વીક્રાનાં કર્મ.
રૌરૌ નરકમાં નાંખસે રે. તુને રાજા તે ધર્મ
ગોર ગોરાંણીને દુભીઆ રે. ગુરૂ નીંદા અપાર.
સીસુ રેડે તારા કર્ણમાં રે. બહુ મારસે માર.
માત પીતાને માંને નહી રે. કરે નીચનો સંગ.
અરિ અવતારમાં લે ધણી રે. ધર ધન ભંગ.
વ્યસનમાં તુ વીટઈ રહ્યો રે. કીધાં નહી કાંઈ વ્રત.
દુખમાં ઝુરે તારી દેહડી રે. કુડાં કીધેલાં કૃત.
ચોરી ચાડી ચીતમાં વસી રે. જુઠુ બોલાની ટેવ.
બોબડા થઇને અવતરે રે. દરસન આપે ન દેવ.
વૈર કરે વાડવ તણુ રે. કરે વ્રતીનો ભંગ.
વ્રતને વ્રક્ષને છેદતાં રે. મનુશ દેહનો ખંગ.
વગર વાંકે તજે તારૂણી રે. ભગની ભાઈ ભોજાઈ.
તે નર નરક સધારસે રે તજી તનની સગાઈ
કપટ કરી લેસે ઝપટમાં રે ધન હરસે ધરાઅ.
તે સુખમાં સુઝે નહી રે. જંપ નહી જરાઅ.
ભોળી ભાંમાઓને ભોળવીરે લેસે લાજને લક્ષ.
તેને નાંખે જમ કુળમાં રે કરે નરકનો ભક્ષ.

વીશ્વાસ ધાતી માઠી મતી રે. છળે છેતરી જાય.
તેને વૈતરણીમાં તાંગસે રે. જોતાં જાને જમરાય.
પસુ પાણી પાસે નહી રે તજે તરસાને નીર.
તે નર કાંથી ભોગવે રે ખાય કુર નેં ખીર.
રાંડી રાંડોને રડાવીઓ રે. પલાં કરીને ફોક.
દેવાળવુ તે કાડસે રે હાસી કરસે રે લોક.
મોર કબુતર મારતા રે લાગે પાપ અપાર.
અધ વચે ધર તેનુ ભાગસેરે મરે પુત્ર ને નાર.
હીંસા કરજો હંસની રે નરનારી જોરાય.
ભુર ભંગદર ભોગવે રે દાડી દેહમાં રોગ.
સંત નીંદાનો સાંભળે રે થાય બેરો કે બળદ.
પસુની જોનીમાં અવતરે રે થાય કદીએ ન મરદ
નારીને નરકમાં નાંખસે રે પતીવ્રતા ન થાય.
ધીક ધીક તે થંભે બાંધસે રે કસ્ટ પામસે કાય.
પરહરી પીઊને એકલી રે રંડી છાનું જો ખાય.
થાય બીલાડી બાપડી ઘરઘર ભટકાય.
ક્રોધ કરે જો કામની રે પીઊ સાથે કદાય.
વાગોલ થઇને વળગસે રે સુખ તજસે સદાય.
જાર જુવંતી જોરને રે તજી પતિનો સંગ.
કોટી કલ્પ સુધી કામની રે બુડે નરકમાં અંગ.
કંકાસ કરે અભાગણી રે. રોસે ભરી અખંડ.
જમ જલદી તેને મારસે રે દેસે દેહને ડંડ.
મધુર વચન બોલે નહી રે પીઊ સાથે પાખંડ.

નારીને નરકમાં નાંખસે રે જમ રાજા અખંડ.
દંપતીના દુત ભોગવે રે દુનીઆમાં દુઃખ.
જંપ પામે નહી તે જરા રે કદા પામે ન સુખ.
જાત્રા કરી નહી તે જરા રે. કાસી કેદાર નાથ.
પ્રેમ પ્રભું સુન રાખીઓ રે. નહી નીરખ્યા શ્રી નાથ.
સત્ય બોલ્યો નહી તુ સદા રે. નહી સંતોશી નુર.
દયા રાખી નહી દીલમાં રે. પોકયો વેહતે તુ પુર.
સત સંઘમાં નહી સંચરયો અંન દાન દીધ.
રામ રટણન રંગથી રે વીશવાળી તે પીધ.
સત્તા સુધારસે નહી ગયો રે જરી જાગ્રંગુ માંહ.
ઉંઘ આવી છે અભાગીઆ રે. જાગ્યો નાટક જ્યાંહ.
ડાકોર દરસન નહી કરૂ રે પુરણ પુનમનીમ.
રણછોડરાઅ ન નીરખીઆરે ભટકો નીસ દીન સીમ.
ધંધામાં રામ ધારા નહી રે. લોભે લાગ્યો તુ જાય.
પાછુ વાળી તુ જોતો નથી રે કાળ આવીને ખાય.
આવરદા ઓછો થતાં રે સમજે નહી સાર.
પુન્યની વાત પેઠી નહી રે પાપ કીધુ અપાર.
વીચાર વાયુ ઊડીઆ રે તાપ ત્રીવેધી થાઅ.
પળ પળ હરખને સોકમાં રે. નીશદીન વહી જાઅ.
અનરથ રીતી આચ રે. રામસુ નહી રંગ.
કાળ અચાંનક આવસે રે. કરે કાઆનો ભંગ.
પરતાવો ઊપજે તુજને રે પાછળથી અપાર.
અવસર ફરી આવે નહી રે સમજો નહી સાર.

માટે ગ્રહણ કર જ્ઞાનને રે. વૈરાગને વેશ.
મોહ માયા મટે તે થકી રે આવે વીદેહી દેશ.
બહારથી દ્રષ્ટ છોડીને રે અંતરમાંહી ઊતાર.
સુરતા શબ્દમાં મેળવી રે તાર ત્રવેણી ધાર.
જાપ અજંપા નામના રે નીરંતર જાપ.
ઇશ્વિર વ્યાપ્યો વીશ્વમાં રે દેખો દરપણ ખાપ.
જાય અંધારૂ ઊર થકી રે અજવાળુ થાય.
ભેદ ભેદુએ બતાવીયો રે. નીગમ એવુ ગાય.
શબ્દ ન પોચે જેહને રે નીર ગુણ નીરાકાર.
વીશ્વમાંએ વ્યાપી રહ્યો રે ન્યારા વીશ્વથી સાર.
ઊતપત પ્રલે એને મથીરે. રીર ગુણ પંચ ભુત.
બોલે તે નીર ગુણ જાણીએ રે. એવા એ અદ્ભુત,
અનહદ શબ્દ ઊઠે ધુનીરે સુરતી સાધો ઊનમુન.
એવી રેણીને રાખીએ રે કેણી કથે તો તુન્ય.
રેણી એવી તો રાખીએ રે સંત પૂરેજો સાખ.
પોતે પ્રભુ પદ પામીએ રે હેતુ દીલમાંદાખ.
પોતે પરચો પામીએ રે કેણી રેણી રે દુર.
જીવન મુકત દશા થતાં રે પાપ પુન્ય અનુપ.
દસ ઇંદ્રી દુંદજ્યાં નહી રે ત્રીગુણ માયાનો ફંદ.
હરખ સોક જયાંહાં નહી મળેરે સત ચીત આનંદ.
જરા મરણ રોગ ભય નહી રે વરણાશ્રંમનો ભેદ.
એવી દશાને પામતાં રે ટળે મંનનો ખેદ.

ભેખ ધરી નહી ભટકીએ રે દસા રાખીને દુર.
આ દશાને આવતાં રે ઊગે બ્રમનો સુર.
જુગ વીલાસ જેણે કરો રે કરતા છે તુજ પાસ.
ઘટમાં ગુરૂ દ્રષ્ટે જોઇએ રે. દેખાશે અવીનાસ.
તુને તે ન્યારો નથી રે સત ગુરૂની સાંન.
સોહંગ સુખમણા એરે. ઝળકે મોતીની સાંન.
નામને પ્રેમી પારખે રે. નીર ક્ષીરને હંસ.
ન્યારા કરે કળા થકી રે એ છે વેવંસી અંશ.
કાગતણી દેહીને તજી રે થાવ તદરૂપ તેમાં.
નામ નવેખંડે ન્યાળજો રે પુરો આણીને પ્રેમ
નામની માયા નીરખજો રે. સચરાચર એહ.
નામ થકી નીપજ્યુ સહુ રે તેમાં નહી સંદેહ
ચેતાંમણી ચીતમાં ધરી રે નામ નીશાંન ધાર્ય.
અમર થવુ નાંમ આશરે રે નાંમ સારનો સાર
પરભાશંકર પ્રેમથી રે નામ જાણીને ગાય.
સતગુરૂ શરંણુને આશરે રે. મુક્ત દશા પમાય.

સમાપ્ત.